**ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીના નિધન અંગે ઉંડા શોક અને આઘાતની લાગણી વ્યકત કરતા રાજયપાલશ્રી તા. ૧૬/૮/૨૦૧૮, રાજભવન, ગાંધીનગર.**

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીના નિધનના સમાચાર જાણી ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ ઉંડા શોક અને આઘાતની લાગણી વ્યકત કરી છે.

રાજયપાલશ્રીએ તેમના સંવેદના સંદેશમાં જણાવ્યું છે કે, બહુમુખી પ્રતિભા ધરાવતા પ્રખર રાજનીતિજ્ઞ શ્રી અટલ બિહારી વાજપેયીના દુઃખદ નિધનથી સમગ્ર દેશ ક્ષુબ્ધ અને શોકાકુલ બન્યો છે. વિશ્વ અને સમગ્ર રાષ્ટ્રમાં અદ્‌ભૂત લોક ચાહના ધરાવતા જનનાયકની કારમી વિદાયથી રાષ્ટ્રને આવનારી સદીઓ સુધી ન પુરાય તેવી ખોટ પડી છે. તેમના સુદીર્ઘ સાર્વજનિક જીવન દરમ્યાન તેમણે દેશ અને વિશ્વ માટે પીઢ રાજપુરૂષ, કુશળ પ્રશાસક અને તેજસ્વી લોકનેતા તરીકેની અમીટ છાપ છોડી છે. ભારતરત્ન, પદ્મ વિભૂષણ, પંડિત ગોવિંદ વલ્લભપંત જેવા અતિવિશિષ્ઠ પુરસ્કારોથી સન્માનિત શ્રી વાજપેયીએ સાંસદ, કેન્દ્રીય મંત્રી, વિરોધ પક્ષના નેતા તથા વડાપ્રધાનના પદે રહી ગરિમા સભર યાદગાર ભૂમિકા નિભાવી હતી, જે ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠો પર સદૈવ અંકિત રહેશે.

પરમ કૃપાળુ ઈશ્વર દિવંગતના આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે અને તેમના લાખો – કરોડો ચાહકોને અને તેમના પરિવારજનોને આ કારમો આઘાત સહન કરવાની શકિત આપે, તેવી રાજયપાલશ્રીએ હૃદયપૂર્વક પ્રાર્થના કરી છે.